PHONE : 2578501
FAX. : (0281) 2586983
e-mail : registrar@sauuni.ernet.in
Web site : www.saurashtrauniversity.edu

ફોન નં. : ૨૫૭૮૫૦૧
ફેક્સ : (૦૨૮૧) ૨૫૮૬૯૮૩

# SAURASHTRA UNIVERSITY

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Office of the
Saurashtra University
University Road,
RAJKOT - 360 005.

[Re-Accredited Grade "B" by NAAC]
[CGPA 2.93]

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૫.

જન.સ્ટોર્સ/૪૧૨/૨૦૧૪ તા. ૧૩ /૧૦/૨૦૧૪

પ્રતિ,
ખોડિયાર પ્લાય એન્ડ ફર્નિચર,
પ્લોટ નં. ૪૨૦/૨, જી.આઈ.ડી.સી,ઓઢવ,
વી. ટ્રાન્સપોર્ટ પાછળ, ઓઢવ ટેલી. એક્સચેન્જ નજીક,
અમદાવાદ

વિષયઃ— ૩ સીટવાળી પરફોરેટેડ બેન્ચીસ પૂરી ન પાડતા બ્લેકલીસ્ટ કરવા અંગે.
સંદર્ભઃ— (૧) નં. જન.સ્ટોર્સ/એમ.એસ.ડબલ્યુ.ભવન/૫૧૮/૨૦૧૪ તા.૧૬/૦૧/૨૦૧૪ ઓર્ડર.
(૨) નં. જન.સ્ટોર્સ/ઈલેક્ટ્રોનીક્સ ભવન/૫૧૯/૨૦૧૪ તા.૧૬/૦૧/૨૦૧૪ઓર્ડર.
(૩) નં. જન.સ્ટોર્સ/એમ.સી.એ.ભવન/૫૬૭/૨૦૧૪ તા.૦૮/૦૨/૨૦૧૪ઓર્ડર.
(૪) જનરલ સ્ટોર્સ વિભાગના તા.૦૫.૦૭.૨૦૧૪ ની ઉપરોક્ત નોંધમાં મળેલ આદેશ.
(૫) નં. જન.સ્ટોર્સ/૨૯૪/૨૦૧૪ તા.૦૮/૦૮/૨૦૧૪ પત્ર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ ૧ થી ૩ અનુસંધાને જણાવવાનું કે આપને ૩ સીટવાળી પરફોરેટેડ બેંચો (૧) ઈલેક્ટ્રોનીક્સ ભવનની ૨૦ નંગ (૨) એમ.એસ.ડબલ્યુની ૩૦ નંગ (૩) એમ.સી.એ. ભવનની ૭૨ નંગ પુરા પાડવા માટે સંદર્ભ ૧ થી ૩ દર્શાવ્યા મુજબ ઓર્ડર આપવામાં આવેલ છે.

જે પૈકી આપના દ્વારા એમ.સી.એ. ભવનની ૭૨ નંગ બેંચો પુરી પાડવામાં આવેલ છે. જ્યારે ઈલેક્ટ્રોનીક્સ ભવનની ૨૦ નંગ બેંચો તથા એમ.એસ.ડબલ્યુ ભવનની ૩૦ નંગ બેંચોનો ઓર્ડર પુરો કરવામાં આવેલ નથી.

ઉપરોક્ત બાબતે વધુમાં જણાવવાનું કે બાકી રહેલ બેંચોનો ઓર્ડર પુરો કરવા બાબતે આપ રૂબરુ આવેલ તથા ભાવ વધારો માગેલ પરતું આપે મદદનીશ કુલસચિવ સાથે ચર્ચા કરતા ટેન્ડર ભાવે બેન્ચીસ આપવા તૈયાર છો તેવું જણાવેલ હતું, ત્યારબાદ ટેલીફોનીક વાત કરતા આપની તરફથી જણાવેલ કે કારીગર રજા પર હોય એક અઠવાડીયામાં માલ આવી જશે, ત્યારબાદ જ્યારે પણ ફોન કરવામાં આવે ત્યારે જણાવેલ કે એક વીક માં આવી જ જશે, પરતું આજ સુધી આપની પાર્ટી દ્વારા માલ પહોંચાડાયેલ નથી.

જે અનુસંધાને સંદર્ભ ૪ માં દર્શાવ્યા મુજબની નોંધમાં મળેલ આદેશ મુજબ જણાવવાનું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા આપવામાં આવેલ ઓર્ડરની શરત નં.૧ મુજબ માલ સમયમર્યાદામાં નહિ પહોંચાડવામાં આવે તો ટેન્ડર ફોર્મની શરત નં. ૩૦ તથા ઓર્ડર ની શરત નં.૯ મુજબ ઓર્ડર કેન્સલ કરવામાં આવશે તથા સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તથા ૫ વર્ષ માટે બ્લેકલીસ્ટની કાર્યવાહી શા માટે ન કરવી? તેનો લેખીત ખુલાસો દિવસ—૭ માં કરવા આપને સંદર્ભ ૫ માં દર્શાવ્યા મુજબ નોટીસ પાઠવવામાં આવેલ હતી. પરતું આપ દ્વારા કોઈ ખુલાસો આપવામાં આવેલ નથી.

ઉપર્યુકત વિગતે ટેન્ડર/ઓર્ડરની શરતોનું પાલન ન કરતા ખોડિયાર પ્લાય એન્ડ ફર્નિચર, અમદાવાદને પાંચ વર્ષ માટે બ્લેકલીસ્ટ કરવામાં આવે છે તથા ડીપોઝીટ જપ્ત કરવામાં આવે છે જેની નોંધ લેશો.

કુલસચિવ

નકલ રવાનાઃ—
(૧) કુલપતિશ્રી/કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી
(૨) ઓડીટરશ્રી
(૩) મુખ્ય હિસાબી અધિકારીશ્રી
(૪) ગુજરાતની તમામ યુનિવર્સિટીના કુલસચિવશ્રીઓ

A.3.1/A.3.4
Circulate to all deans
17/X/14

કુલસચિવ વિભાગ, ન.ક્ર. ૧૨૭૨ તા. 18 OCT 2014

જા.નં.નકૃયુ/રજી/અ– ૩– ૧/ મંજુરી/ ૧૨૬૮૭–૭૩૬/૨૦૧૪.
નવસારી. તારીખઃ–૦૭ / ૧૧/૨૦૧૪.

**૨/–આ સાથે સામેલ પત્રમાં જણાવ્યા મુજબ ઘટતી કાર્યવાહી થવા સારૂ**

7-11-14

ઈ/ચા.કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.